# સર્વે ભવન્તુ સુખીન: સર્વે સંન્તુ નિરામયાના ભાવને સાર્થક કરતા હિંમતનગર સિવિલના લેબ.ટેકનિશિયન

## પ્રાણની પરવા કર્યા વગર ૧.૫૦ લાખ કોરોનાના RTPCR ટેસ્ટનું નિદાન કર્યુ

હિંમતનગર (બ્યુરો ઓફિસ) તા.૧૦

સમગ્ર દેશ કોરોના મહામારીની વિકટ પરિસ્થતિમાંથી પસાર થઈ રહ્યો છે ત્યારે ગુજરાત રાજયમાં લોકોને આરોગ્ય સુવિધા સારી મળી રહે તે માટે રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. આવા પ્રમાણમાં લોકો સંક્રમિત થતા મોટા પાયે લોકોના ઈ્ઝઇ ટેસ્ટ કરવામાં આવ્યા, જેમાં દરોજ્જ ૧૫૦૦ થી ૨૦૦૦ સેમ્પલનું નિદાન કરાતું હતું. જેમાં એક લાખથી વધુ સેમ્પલના સચોટ નિદાન કરવામાં આવ્યું જયારે બન્ને લહેરના



સંકટના સમયે આરોગ્ય કર્મીઓ બહુ ઉમદા સેવા કરી લોકોને મોતના મુખમાંથી બહાર લાવ્યા છે.

આવા જ એક એવા આરોગ્ય કર્મીઓ છે હોસ્પિટલના લેબ ટેકનિશિયન, કોઈપણ રોગના સારવાર માટે જરૂરી છે સચોટ નિદાન, જેના થકી દર્દીની સાચી દિશામાં સારવાર થઈ શકે, કોરોનાની મહામારી લોકોને મોતના મુખ માંથી બહાર લાવવાનું કામ કરી રહ્યા છે હિંમતનગર સિવિલ હોસ્પિટલના લેબોરેટરી ટેકનિશિયન

કોરોનાની પ્રથમ લહેરમાં સાબરકાંઠા અને અરવલ્લીના દર્દીઓના રોગ પરિક્ષણના નમૂના અમદાવાદ મોકલવામાં આવતા હતા જેને લઈ દર્દીઓના સારવારમાં વિલંબ થતો પરંતુ પછીના ટૂંક સમયમાં હિંમતનગર સિવિલમાં ઈ્ઝઇ ટેસ્ટની સુવિધા શરૂ કરતા દર્દીઓને ઘણી રાહત થઈ તો વળી કોરોનાની બીજી લહેરમાં મોટા સમયગાળામાં ૧.૫૦ લાખ લોકોનું નિદાન કરી સારવારની સાચી દિશા ચિંધવાનું કામ કર્યું આ ઉપરાંત ૧૬,૯૫૦ રેપીડ એન્ટીજન તેમજ કોરોનાની અસરનું પ્રમાણતથા સારવાર નિર્દેશ આપતો ઝઈ ના ૫૨૦૦ ટેસ્ટ કરાયા છે.

વર્તમાન સમયમાં મ્યુકર માઈકોસીસને લગતા આવતા દર્દીઓને ઈ.એન.ટી વિભાગ દ્વારા નિદાન અર્થે મોકલી આપવા આવતા તેમાં ૬૫ જેટલા ફંગસના દર્દીઓનું સચોટ નિદાન કરી ઉત્તમ સારવાર હાથ ધરાઈ છે. સિવિલ સર્જન શ્રી ડૉ. આશિષ કાટારકર અને ડીન ડૉ. રાજીવ દેવેશ્વરના માર્ગદર્શન હેઠળ સહ પ્રાધ્યાપક, મદદનીશ પ્રાધ્યાપક, ટ્યુટર, લેબોરેટરી ટેકનીશીયનો ,સફાઈ કર્મચારીઓ તથા ડેટા ઓપરેટરની ટીમે સતત કાર્યરત રહીને સર્વોત્તમ કામગીરી કરી રહી છે.

# રાજ્યમાં ૨૪ કલાકમાં કોરોનાના નવા ૫૪૪ કેસ

## રાજ્યમાં ૨૪ કલાકમાં ૧૧ વ્યક્તિના મોત : છોટા ઉદેપુર, ડાંગ, નર્મદા અને સુરેન્દ્રનગરમાં છેલ્લા ૨૪ કલાકમાં એક પણ કોરોનાનો કેસ નોંધાયો નથી

ગુજરાતમાં કોરોનાની બીજી લહેરે હાહાકાર મચાવ્યો હતો. ત્યારે સરકાર દ્વારા કડક પ્રતિબંધો લગાવવામાં આવ્યા હતા. જેના પગલે કોરોનાનું સંક્રમણ ઓછું થતું જોવા મળી રહ્યું છે. આ સાથે કોરોના સંક્રમણના દૈનિક આંકડાઓમાં પણ ઘટાડો થયો છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસનાં આંકડાઓની વાત કરીએ તો રાજ્યમાં નવા ૫૪૪ કોરોના કેસ નોંધાયા છે. જ્યારે ૧૧ વ્યક્તિઓ કોરોના વાયરસના કારણે મોતને ભેટ્યાં હતાં. ગુજરાત આરોગ્ય વિભાગે આપેલા આંકડા પ્રમાણે આજે ગુરુવારે સાંજના પાંચ વાગ્યા સુધી કુલ ૨,૬૮,૪૮૫ વ્યક્તીઓને રસીકરણ કરવામાં આવ્યું છે. જ્યારે રાજ્યમાં આજે કુલ ૧૫૦૫ દર્દીઓ સાજા થયા છે. આમ રાજ્યમાં કોરોનામાંથી સાજા થવાનો દર ૯૭.૨૩ ટકા છે.

રાજ્યના વિવિધ જિલ્લાઓ અને મહાનગર પાલિકાઓમાં કોરોના વાયરસની સ્થિતિની વાત કરીએ તો અમદાવાદ કોર્પોરેશનમાં ૮૬, વડોદરા કોર્પોરેશનમાં ૬૧, સુરત કોર્પોરેશનમાં ૬૦, વડોદરામાં ૩૭, સુરતમાં ૨૯, ગીર સોમનાથમાં ૨૩, ભરૂચમાં ૨૨, જુનાગરમાં ૨૧, જામનગર કોર્પોરેશનમાં ૧૭, રાજકોટ કોર્પોરેશનમાં ૧૬, નવસારીમાં ૧૫ કેસ નોંધાયા હતા. આ ઉપરાંત આણંદમાં ૧૨, બનાસકાંઠામાં ૧૨, અરવલ્લીમાં ૧૧, પંચમહાલમાં ૧૧, અમરેલીમાં ૧૦, ખેડામાં ૧૦, મહિસાગરમાં ૧૦, રાજકોટમાં ૧૦ કેસ નોંધાયા હતા. આ ઉપરાંત અન્ય જિલ્લાઓમાં ૧૦ કરતા ઓછા કેસ નોંધાયા છે. આ સાથે છોટા ઉદેપુર, ડાંગ, નર્મદા અને સુરેન્દ્રનગરમાં છેલ્લા ૨૪ કલાકમાં એક પણ કોરોનાનો કેસ નોંધાયો નથી.

# ઉત્તર ગુજરાતમાં હવે ગામડાંના મિલ્કત ધારકોને પ્રોપર્ટી કાર્ડ અપાશે

## સામીત્વ યોજના હેઠળ પંચાયત-મહેસૂલ વિભાગ દ્વારા સર્વે કરાશે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૦

ઉત્તર ગુજરાતમાં શહેરી વિસ્તારની જેમ હવે ગામડાંના મિલ્કત ધારકોને પ્રોપર્ટી કાર્ડ આપવા માટે કેન્દ્ર સરકારે સામીત્વ યોજના અમલમાં મૂકી છે જેમાં પંચાયત-મહેસૂલ વિભાગ સંયુક્ત રીતે ગામડાંની મિલ્કતોનો સર્વે કરશે. મિલ્કતોના સર્વે પછી ગ્રામ્ય વિસ્તારના માલિકોને ઓનલાઈન પ્રોપર્ટી કાર્ડ આપવાની યોજના ટૂંકમાં જ અમલમાં આવનાર હોવાથી પાંચેય જિલ્લાઓમાં તેની તૈયારીઓ શરૂ થઈ છે.

ગામડાંમાં મિલ્કતોનું યોગ્ય રીતે દસ્તાવેજીકરણ થાય તેમજ મિલ્કત સબંધી વિવાદોનું પ્રમાણ ઘટે તે માટે કેન્દ્ર સરકારે સામીત્વ યોજના અમલમાં મૂકી છે. આ યોજના હેઠળ હવે ગ્રામ્ય વિસ્તારના મિલ્કત ધારકોને શહેરી વિસ્તારના મિલ્કતધારકોની જેમ જ પ્રોપર્ટી કાર્ડ આપવામાં આવશે. ઉત્તર ગુજરાતના સાબરકાંઠા, અરવલ્લી, મહેસાણા, બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં આ યોજનાના અમલીકરણ માટે જિલ્લા કક્ષાએથી તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. સામીત્વ યોજનાના અમલીકરણ માટે પંચાયત અને મહેસૂલ વિભાગ દ્વારા સંયુક્ત રીતે ગ્રામ્ય વિસ્તારના રહેણાંક પ્લોટ, મકાનો અને કોમર્શિયલ મિલ્કતોનો સર્વે કરવામાં આવશે. મિલ્કતનું ડીઝીટ લાઈઝેશન થઈ ગયા પછી ગામડાંની મિલ્કત ધરાવનારાઓને ઓનલાઈન પ્રોપર્ટીકાર્ડ ઈસ્યુ કરવામાં આવશે. સામીત્વ યોજના અમલમાં આવતાં જિલ્લા કક્ષાએથી સમિતિ રચવા માટેની તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. જાણવા મળ્યા મુજબ ગામડાંની




મિલ્કતોના સર્વે માટે ડ્રોન ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવશે. જેમાં તેનું સીધું સંચાલન લેન્ડ રેકર્ડ કચેરી દ્વારા થઈ શકે છે. સામીત્વ યોજનાની કામગીરીના ચિતાર માટે દર માસે જિલ્લા કલેક્ટર તેની સમીક્ષા કરવાની સાથે મહેસૂલ વિભાગના સીધા માર્ગદર્શન હેઠળ તેનો રિપોર્ટ સ્ટેટ કમીટીને મોકલવા માટે યોજનામાં જોગવાઈ કરવામાં આવી છે.

# મેઘરજમાં સફેદ પથ્થરની ગેરકાયદે હેરાફેરીમાં ડમ્પર જપ્ત

## ખનિજની હેરાફેરીમાં મામલતદારની કાર્યવાહી

બાયડ તા.૧૦

મેઘરજ તાલુકામાં ગેરકાયદેસર ખનિજ હેરાફેરીનું દુષણ વધ્યું છે ગત રોજ મામલતદાર સજ્જનસિંહ ચૌહાણે ઓવરલોડ ગેરકાયદેસર રીતે સફેદ પથ્થર ભરીને પસાર થતા ડમ્પરને થોભાવી જપ્તીની કાર્યવાહી કરતાં ખનિજ ચોરોમાં સન્નાટો વ્યાપ્યો છે. મેઘરજના માલપુર તરફ જતા રોડ ઉપર બિનઅધિકૃત ખનિજના વહન સંદર્ભે ખનિજ સાથેનું વાહન મેઘરજ પોલીસને સોંપવામાં આવ્યું છે.

ખાણખનિજ વિભાગની નિષ્ક્રિયતાથી જિલ્લાના તમામ તાલુકાઓમાં ખનિજ ચોરોને છૂટો દોર મળી ગયો છે. ગેરકાયદેસર રીતે રેતી, કાંકરાનું નદીઓમાં ખોદકામ થઈ રહ્યું છે.

ખાણખનિજ અધિકારીઓ દ્વારા ગેરકાયદે ખનિજની હેરાફેરી સામે આંખ આડા કાન કરવામાં આવતાં હવે સફેદ પથ્થરની હેરાફેરી વધી છે. ખાસ કરીને મેઘરજ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં સફેદ પથ્થર મળી આવતો હોવાથી ખનિજ ચોરોનું ધ્યાન અંતરીયાળ વિસ્તારમાં ટેકવાયું છે.

જેમાં મેઘરજ મામલતદાર અને તેમની ટીમ મેઘરજના માલપુર તરફ જતા રોડ ઉપરથી પસાર થતી હતી જે સમયે સફેદ પથ્થર ભરીને જતા ડમ્પર ઉપર શંકા ગઈ હતી. પ્રથમ નજરે વાહનમાં ઓવરલોડ ખનિજ ભર્યું હોવાનું જણાઈ આવતાં મામલતદાર દ્વારા પથ્થર સાથે ડમ્પર જપ્ત કરી કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. બિનઅધિકૃત રીતે પથ્થરની હેરાફેરીમાં ડમ્પર ઝડપાતાં અન્ય ખનિજ ચોરોએ સલામત સ્થળે બિનઅધિકૃત ખનિજ ભરેલાં થોભાવી દેવાની ફરજ પડી હતી.

# ભાજપે જિલ્લામાં વિવિધ મોરચાના પ્રમુખ મહામંત્રી તથા પ્રભારીઓની નિમણૂક કરી

## મહિલા મોરચો, કિસાન મોરચો, બક્ષીપંચ મોરચો, અનુસૂચિત જાતિ મોરચો, અનુસૂચિતજન જાતી મોરચો અને લઘુમતી મોરચાના પ્રમુખ,મહામંત્રીઓ નિમાંયા

ઈડર તા.૧૦

સાબરકાંઠા જિલ્લા ભારતીય જનતા પાર્ટી એ આગામી ગત સ્થાનિક સ્વરાજ ની ચૂંટણીઓમાં ભાજપને પ્રચંડ વિજય પ્રાપ્ત કરી જિલ્લા ની તાલુકા સંગઠન વધુ મજબૂત બનવવા જિલ્લા ભાજપ ના પ્રભારી અને જિલ્લા ભાજપ ના પ્રમુખ

| મોરચાનુ નામ | જવાબદારી | નામ | મંડલ | સંપર્ક નંબર |
|---|---|---|---|---|
| મહિલા મોરચા | પ્રમુખ | નીલાબેન કાન્તીલાલ પટેલ | હિંમતનગર શહેર | ૯૪૨૭૪૮૧૯૦૦ |
| | મહામંત્રી | કાજલબેન પરાગભાઈ દોશી | હિંમતનગર શહેર | ૯૪૦૮૪૦૫૨૦૪ |
| | મહામંત્રી | લીનાબેન મિનેષભાઈ વ્યાસ | તલોદ શહેર | ૯૪૨૬૭૫૧૬૬૩ |
| કિસાન મોરચા | પ્રમુખ | અનિલભાઈ નટવરભાઈ પટેલ | ઈડર તાલુકા | ૯૪૨૭૩૬૬૬૧૬ |
| | મહામંત્રી | રાજેશભાઈ મણીલાલ પટેલ | પ્રાંતિજ તાલુકા | ૯૪૨૬૩૬૧૪૬૨ |
| | મહામંત્રી | નારાયણભાઈ કેશરભાઈ પટેલ | હિંમતનગર તાલુકા | ૯૪૨૮૧૯૯૮૭૩ |
| બક્ષીપંચ મોરચા | પ્રમુખ | કમલેશભાઈ ચંદુલાલ બારોટ | હિંમતનગર તાલુકા | ૯૪૨૭૩૪૦૫૮૭ |
| | મહામંત્રી | લાલસિંહ ગંભીરસિંહ ઝાલા | પ્રાંતિજ તાલુકા | ૯૬૨૪૪૫૪૧૩૭ |
| | મહામંત્રી | ઉદેસિંહ બાદરજી વાઘેલા | વડાલી તાલુકા | ૯૭૨૬૬૫૩૪૧૩ |
| અનુસુચિત જાતિ મોરચા | પ્રમુખ | રાજેશભાઈ મનહરભાઈ પરમાર | ઈડર તાલુકા | ૯૮૭૯૫૧૯૫૧૦ |
| | મહામંત્રી | ભાનુપ્રસાદ ગિરીશભાઈ દેસાઈ | તલોદ તાલુકા | ૯૪૨૯૨૩૬૭૦૫ |
| | મહામંત્રી | જગદીશભાઈ મથુરભાઈ સોલંકી | હિંમતનગર શહેર | ૯૪૨૭૮૬૩૨૧૬ |
| અનુસુચિત જનજાતિ મોરચા | પ્રમુખ | લુકેશભાઈ વેશાભાઈ સોલંકી | પોશીના તાલુકા | ૯૮૭૦૦૯૪૬૩૨ |
| | મહામંત્રી | નરસિંહભાઈ મંગળાજી પાંડોર | વિજયનગર તાલુકા | ૯૪૨૮૭૬૯૧૫૯ |
| | મહામંત્રી | નવિનભાઈ સંગ્રામભાઈ સોલંકી | ખેડબ્રહ્મા તાલુકા | ૮૧૪૦૩૩૫૮૪૮ |
| લઘુમતી મોરચા | પ્રમુખ | મંજુરઅલી યુસુફભાઈ પટેલ | હિંમતનગર તાલુકા | ૯૪૨૬૦૩૭૭૩૩ |
| | મહામંત્રી | યાકુબભાઈ સાબીરભાઈ દાંત્રોલીયા | ઈડર શહેર | ૯૯૭૯૨૪૮૬૮૪ |
| | મહામંત્રી | આસિતભાઈ ઝહુરખાન પઠાણ | હિંમતનગર | ૯૪૨૮૧૮૫૩૦૩ |

સમય ગાળા દરમ્યાન પાર્ટી ના વિવિધ મોરચા ના પ્રમુખ અને મહા મંત્રીઓ તથા વિવિધ મંડળ ના પ્રભારી ઓની નિમણૂક કરવામાં આવી છે. અને જિલ્લા પંચાયતો માં અને નગરપાલિકાઓ માં સત્તા મેરવી છે.ત્યારે આગામી યોજાનાર વિધાનસભાની ચૂંટણીમાં પણ ભવ્ય વિજય પ્રાપ્ત થાય અને જે.ડી.પટેલ ની સૂચના અને માર્ગદર્શન હેઠળ જિલ્લા માં વિવિધ મોરચા ઓના પ્રમુખ અને બે મહામંત્રીઓની નિમણુકો કરવામાં આવી છે.

# બનાસકાંઠામાં કોરોનાના વળતા પાણી : માત્ર ૧૧ કેસ નોંધાયા

## ડીસા ૦૪, દાંતા ૦૧, દિયોદર ૦૧, ધાનેરા ૦૨, થરાદ ૦૧ અને વાવમાં ૦૨ કેસ નોંધાયા

સરહદી બનાસકાંઠા જિલ્લામાં આજે એકાવનમાં દિવસે કોરોના તેના અંત ભણી આગળ વધતા માત્ર ૧૧ કેસ નોંધાયા હોવાની સાથે એકપણ મોત નોંધાયું ન હોવાની સાથે ૦૦ લોકો સાજા થયા હોવાનું આરોગ્ય વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું.

સરહદી બનાસકાંઠા જિલ્લામાં બેકાબૂ બનેલો કોરોના આજે એકાવનમાં દિવસે તેના અંત ભણી આગળ વધતા માત્ર ૧૧ કેસ નોંધાયા હતા. જેમાં જિલ્લાના વેપારી મથક ડીસામાં ૦૪, દાંતા ૦૧, દિયોદર ૦૧, ધાનેરા ૦૨, થરાદ ૦૧ અને વાવમાં ૦૨ કેસ નોંધાયા હોવાનું આરોગ્ય વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું. જિલ્લામાં આજે ૦૦ નું મોત અને ૦૦ લોકો સ્વસ્થ થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

સરહદી બનાસકાંઠા જિલ્લામાં વિસ્ફોટક બેટિંગ કરતા કોરોનાની રફતાર આજે એકાવનમાં દિવસે એકદમ ધીમી રહી હતી. આમ, સરકારી નિયંત્રણો વચ્ચે છેલ્લા ૨૫ દિવસથી ધીમે ધીમે કોરોના સંક્રમણ તેના અંત ભણી આગળ વધી રહ્યું છે.

# કોઠીયા ગામે લગ્ન પ્રસંગમાં ધમાલ : ડી.જે.ની તોડફોડ છતાં ૩ દિવસે જાહેરનામા ભંગનો ગુનો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૦

માલપુર તાલુકાના કોઠીયા(અણિયોર) ગામે તાજેતરમાં લગ્નપ્રસંગમાં બે જુથ વચ્ચે ધમાલ થઈ હતી જેમાં ઉશ્કેરાયેલા ઈસમોએ ડી.જે.ની તોડફોડ કરી હોવા છતાં સ્થાનિક પોલીસે ૩ દિવસ પછી ૪ આરોપીઓ વિરૂદ્ધ માત્ર જાહેરનામા ભંગનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. લગ્નપ્રસંગમાં મામલો બિચક્યા પછી થયેલ ધિંગાણાનો વિડીયો સોશ્યલ મીડીયામાં વાયરલ થયો હોવા છતાં પોલીસે ગંભીરતા ન દાખવતાં આશ્ચર્ય ઉભું થયું છે.

કોરોનાના કપરા કાળમાં જાહેરનામાં કાગળ ઉપર સિમિત બની ગયાં છે. ગ્રામ્ય વિસ્તારોમાં નિયમોનું કોઈ પાલન કરાવનાર ન હોવાના કારણે ઠેકઠેકાણે જાહેરનામાનો ભંગ થતો હોય છે. લગ્નો ઉપર ૫૦ વ્યક્તિની સંખ્યા મર્યાદા સાથે જરૂરી નિયંત્રણો મૂકવામાં આવ્યાં છે છતાં તેનું ક્યાંય પાલન થતું નથી.

રવિવારે માલપુર તાલુકાના કોઠીયા ગામે લગ્નપ્રસંગમાં પરવાનગી વગર ડી.જે. બોલાવવામાં આવ્યું હતું અને તે સમયે બે જૂથ વચ્ચે સામાન્ય બોલાચાલી પછી મામલો મારામારી સુધી પહોંચી ગયો હતો. ઉશ્કેરાયેલા ઈસમોએ ડી.જે.ના સરસામાનની તોડફોડ કરતાં લગ્નપ્રસંગમાં નાસભાગના દ્રશ્યો સર્જાયા હતા. કોઈપણ પ્રકારની પરવાનગી વગર લગ્નોમાં ડી.જે. બોલાવ્યું હતું. દરમ્યાન બે જૂથ વચ્ચે ઘર્ષણ થયું હોવા છતાં સ્થાનિક પોલીસ અંધારામાં રહેતાં પોલીસની કામગીરી સામે અનેક સવાલ ઉભા થયો છે. જો કે લગ્નમાં ધમાલનો વિડીયો સોશ્યલ મીડીયામાં ફરતો થયા પછી આખરે માલપુર પોલીસે એ.એસ.આઈ. દિનેશભાઈની ફરિયાદના આધારે જાહેરનામા ભંગનો ગુનો નોંધ્યો છે.

આરોપી..

(૧) ભલાભાઈ લખાભાઈ ખાંટ, રહે.કોઠીયા, તા.માલપુર (૨) કાનાભાઈ ગોકળભાઈ કોટવાલ, રહે.ગાબટ, તા.બાયડ (૩) વિજયસિંહ રામસિંહ ઠાકોર, રહે.વગાસ, તા.વિરપુર (૪) વિષ્ણુભાઈ નાનાભાઈ પરમાર, રહે.રણેચી, તા.બાયડ

# નવું શૈક્ષણિક સત્ર શરૂ : સાબરકાંઠા, અરવલ્લીની ખાનગી શાળાઓમાં આર.ટી.ઈ. હેઠળ પ્રવેશ પ્રક્રીયા અદ્ધરતાલ

## ખાનગી સંચાલકોને પડતા ઉપર પાટુના ઘા જેવી સ્થિતિ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૦

રાજ્યમાં તા.૭ જૂનથી નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થયો પરંતુ હજુ સુધી આર.ટી.ઈ. હેઠળ ખાનગી શાળઓમાં પ્રવેશ પ્રક્રીયા શરૂ ન થતાં ગરીબ પરિવારના અનેક વાલીઓ પોતાના સંતાનને અભ્યાસ માટે ક્યાં મૂકવું તેની વિમાસણમાં મૂકાયા છે. ગત શૈક્ષણિક વર્ષની અનેક ખાનગી શાળાઓને આર.ટી.ઈ. હેઠળ પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓની ૨૫ ટકા ફી હજુ મળી નથી અને હવે નવા વર્ષના પ્રારંભ સાથે આર.ટી.ઈ. હેઠળ પ્રવેશ પ્રક્રીયા અદ્ધરતાલ રહેતાં ખાનગી સંચાલકોને પડતા ઉપર પાટુના ઘા જેવી સ્થિતિ નિર્માણ પામી છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર કોરોનાના કારણે આ વર્ષે ધો.૧ થી ૧૨ માં માસ પ્રમોશન આપી દેવાયું છે. દર વર્ષે શાળાઓમાં નવા શૈક્ષણિક વર્ષનો પ્રારંભ થાય તે સાથે જ ગરીબી રેખા હેઠળ જીવતા પરિવારના સંતાનોને તેમના રહેઠાણ નજીકની ખાનગી શાળામાં આર.ટી.ઈ. એક્ટ હેઠળ મફત પ્રવેશ આપવામાં આવતો હતો. આવાં બાળકોની ફી સરકાર દ્વારા ખાનગી શાળાઓને ચૂકવવામાં આવતી હતી. વર્ષ-૨૦૧૨ થી રાજ્યમાં આર.ટી.ઈ.નો કાયદો અમલી બન્યો છે. પ્રવેશ પ્રક્રીયા દોઢ મહિનામાં પૂરી કરવાની હોય છે. પરંતુ આ વર્ષે કોઈપણ કારણોસર હજુ સુધી ખાનગી શાળાઓમાં આર.ટી.ઈ. એક્ટ હેઠળ ગરીબ પરિવારના બાળકોને પ્રવેશ આપવા માટેની કામગીરી શરૂ ન થતાં અનેક શાળાઓને આર.ટી.ઈ. એક્ટ હેઠળ બાળકોનો પ્રવેશ મળવો મુશ્કેલ છે. લાંબો સમય ખેંચાય તો બાળકો સરકારી શાળામાં પ્રવેશ મેળવી લે છે જેથી ખાનગી શાળાઓને ૮ વર્ષ સુધી તે નુક્સાનનો ડંખ સહન કરવો પડશે.

## મુલાકાત

● અનુસંધાન પહેલાનું ચાલુ

તાજેતરમાં ભાજપના યુપીના પ્રભારી રાધા મોહન સિંહ રાજ્યપાલ આનંદીબેન પટેલને મળ્યા હતા. આ પછી રાજ્યમાં કેબિનેટની ફેરબદલ અંગેની અટકળોની વાત વહેતી થઈ. એ અલગ વાત છે કે રાધા મોહન તેને સૌજન્ય મુલાકાત ગણાવે છે. તેમણે પ્રદેશ પ્રમુખ સ્વતંત્ર દેવ સિંહ અને મહામંત્રી સંગઠન સુનિલ બંસલ સાથે પણ વાત કરી હતી.

એવી ચર્ચા છે કે અમલદારશાહીથી રાજકારણમાં આવેલા એકે શર્માને યુપી કેબિનેટમાં મોટી જવાબદારી સોંપવામાં આવી શકે છે. ભાજપના અધિકારીઓ આ વાતને નકારી રહ્યા છે. પરંતુ, પદાધિકારીઓની બેઠકોથી તેને સતત હવા મળી રહી છે. તાજેતરમાં, યોગી આદિત્યનાથ અને એકે શર્મા વચ્ચે સીએમ યોગીના નિવાસસ્થાન ૫ કાલિદાસ માર્ગ પર બેઠક થઈ હતી. તે સંપૂર્ણપણે ગુપ્ત હતી. બંને વચ્ચે જે બન્યું તે બહાર આવ્યું નહીં. પરંતુ, કહેવામાં આવ્યું કે યુપીમાં એકે શર્માને મોટી જવાબદારી આપવાની તૈયારી ચાલી રહી છે. તેમને યોગી મંત્રીમંડળમાં શામેલ કરી શકાય છે. આ પહેલા શર્મા વડા પ્રધાનને પણ મળી ચૂક્યા છે.

આ મહિનાની શરૂઆતમાં ભાજપના મહાસચિવ બી.એલ. સંતોષ યુપીની મુલાકાતે આવ્યા હતા. અહીં તેમણે આવતા વર્ષે યોજાનારી વિધાનસભાની ચૂંટણીની તૈયારીઓનો ભાગ લીધો. યુપીમાં રાજકીય ઉથલપાથલની સાથે, વિધાન પરિષદની ચાર બેઠકો ૫ જુલાઈ ૨૦૨૧ ના રોજ ખાલી થઈ રહી છે.

## નવો ખુલાસો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સમાધાન કરાવી આપવાની વિપુલને બાહેધરી આપી હતી. આ દરમિયાન વિપુલ તેની પ્રેમિકા માટે પઝેશીવ થઈ ગયો હતો. જેનો ફાયદો ઉઠાવી રીક્કુ તેની પાસેથી એન કેન પ્રકારે પૈસા પડાવતી હતી.

ત્યારે મૃતકના ભાઈ નવનીત તેમજ ભાગીદારોએ રીક્કુ સામે આક્ષેપ કર્યો હતો છે કે, રીક્કુના ડાઈવોર્સ થયેલા છે જેને એક દીકરી પણ છે. જે તેના ભાઈ સાથે સેક્ટર ૪માં રહે છે. જ્યારે તેના માતા-પિતા અને બહેન વિદેશમાં રહે છે. વિઝાનાં વ્યવસાય સાથે સંકળાયેલી રીક્કુએ વિપુલને વિદેશથી એક કરોડનું પાર્સલ આવવાનું હોવાનું જણાવ્યું હતું. જેમાં લિક્વિડ કેસ તેમજ ઈલેક્ટ્રોનિકની વસ્તુઓ ભરેલી છે. જેને દિલ્હી ખાતેથી છોડાવવા માટે કસ્ટમ ડયુટી ભરવાની હોવાનું કહી વિપુલ પાસેથી અત્યાર સુધી રૂ. ૧૮ લાખ જેટલી રકમ પડાવી લીધી છે.



# ધાનેરા નગરપાલિકા દ્વારા પટેલવાસની જર્જરિત પાણીની ટાંકી તોડવાનું કામ શરુ કર્યુ

ધાનેરા પટેલ વાસ ખાતે વર્ષો જૂની પાણીની ટાંકી આવેલી છે અને આ પાણી ની ટાંકી અત્યારે ખુબજ જજરીત હાલત માં છે અને ગમે ત્યારે પડી જાય તેવી કન્ડિશન માં છે અને જો આ ટાંકી પડે તો મોટી જાનહાની સર્જે તેમ છે કારણ આજુ બાજુ માં ભરચક રહેણાંક વિસ્તાર આવેલો છે ત્યારે ગઈ કાલે ધાનેરા નગરપાલિકા ની ટિમ ધ્વરા આ જર્જરિત પાણી ની ટાંકી તોડવાનું કામ શરુ કર્યુ હતું ત્યારે લોકોના પણ ટોળેટોળા ઉમટી પડ્યા હતા ત્યારે આજે પોલીસ બંદોબસ્ત સાથે આ પાણી ટાંકી તોડવાનું કામ શરુ કર્યુ છે કોઈ અણબનાવ કે જાણ હાનિ ન સર્જાય તે માટે પાલિકા ના ચીફ ઓફિસર સદ્દામ અન્સારી પાલિકા પ્રમુખ શંકરભાઈ પટેલ રામભાઈ સોલંકી સહીત પોલીસ સ્ટાફ પણ હાજર રહી કામગીરી કરવામાં આવી રહી છે.

# પાલનપુરના બેચરપુરાનો સંપ જર્જરીત બનતા લોકો દૂષિત પાણી પીવા મજબૂર

## ઉપરના ભાગે તૂટેલા ભૂગર્ભ ટાંકાની મરામત કરવામાં ન આવતા લોકોમાં આક્રોશ

પાલનપુર શહેરના બેચરપુરા વિસ્તારમાં આવેલ ભૂગર્ભ સંપ ઉપરના ભાગેથી જર્જરીત થતો હોય જેને લઈ આ વિસ્તારના ૧૩ હજાર જેટલા લોકો ગંદુ પાણી પીવા મજબુર બન્યા છે. જોકે આ વિસ્તારમા ૧૦ લાખ લીટર પાણીનો સંગ્રહ કરવાની ક્ષમતા હરાવતું ભૂગર્ભ ટાંકુ કેટલાય સમય ખુલ્લી હાલતમા છે અને અહીં ટાંકા પાસે ગંદકી ખદબદી રહી હોઈ સ્થાનિકો દ્વારા જર્જરીત ટાંકા ના મરામત કરાવવાની માંગ કરાઈ છે.

પાલનપુર શહેર ના બેચરપુરા વિસ્તારમાં આવેલ પીવાના પાણીના ભૂગર્ભ ટાંકાની છેલ્લા આઠ વર્ષ થી મરામત કરાઈ ન હોઈ જેને લઈ ટાંકાના ઉપરના ભાગ ઠેરઠેર ખુલ્લો હોઈ જેને લઈ આ વિસ્તારના લોકો ગંદુ પાણી પીવા મજબૂર છે. આ અંગે નગરપાલિકામાં અનેક રજૂઆતો કરાઈ છે. તેમ છતાં પાલિકા તંત્ર દ્વારા ટાંકા ની દરકાર લેવામાં ન આવતા લોકોમાં રોષ છવાયો છે. દસ લાખ લીટર ની પાણી સંગ્રહ કરવાની ક્ષમતા ધરાવતા આ ટાંકાની આજુબાજુ ગંદકીનો પાર નથી. બાવળ ના ઝાડ ઊગી ગયા છે. અને ટાંકુ તૂટી ગયું હોઈ કોઈ ઝેરી જીવ જંતુ કે કોઈ ઝેરી પદાર્થ ટાંકા માં નાખી જાય તો પણ ખબર ન પડે તેમ નથી.

## પગાર ચૂકવાયો નથી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પગારની રકમ પણ સમયસર ન મળતા તેમની હાલત દયાજનક બની છે. બીજીતરફ મજુરો વનતંત્રને રજુઆત કરીને થાકી ગયા છે. ત્યારે ટ્રેઝરી કચેરી અને બેંક વચ્ચે મજુરોના પગારનો મામલો અટવાયેલો હોવાથી સમયસર તેમને મજુરીના પૈસા પણ ન મળતા રોષ પ્રવર્તયો છે.